**Marking Scheme**
**Strictly Confidential**
**(For Internal and Restricted use only)**
**Senior School Certificate Examination, 2025**
**SUBJECT NAME GUJARATI (Q.P. CODE 10)**

**General Instructions: -**

| | |
|---|---|
| **1** | You are aware that evaluation is the most important process in the actual and correct assessment of the candidates. A small mistake in evaluation may lead to serious problems which may affect the future of the candidates, education system and teaching profession. To avoid mistakes, it is requested that before starting evaluation, you must read and understand the spot evaluation guidelines carefully. |
| **2** | **"Evaluation policy is a confidential policy as it is related to the confidentiality of the examinations conducted, Evaluation done and several other aspects. Its' leakage to public in any manner could lead to derailment of the examination system and affect the life and future of millions of candidates. Sharing this policy/document to anyone, publishing in any magazine and printing in News Paper/Website etc may invite action under various rules of the Board and IPC."** |
| **3** | Evaluation is to be done as per instructions provided in the Marking Scheme. It should not be done according to one's own interpretation or any other consideration. Marking Scheme should be strictly adhered to and religiously followed. **However, while evaluating, answers which are based on latest information or knowledge and/or are innovative, they may be assessed for their correctness otherwise and due marks be awarded to them. In class-X, while evaluating two competency-based questions, please try to understand given answer and even if reply is not from marking scheme but correct competency is enumerated by the candidate, due marks should be awarded.** |
| **4** | The Marking scheme carries only suggested value points for the answers<br>These are in the nature of Guidelines only and do not constitute the complete answer. The students can have their own expression and if the expression is correct, the due marks should be awarded accordingly. |
| **5** | The Head-Examiner must go through the first five answer books evaluated by each evaluator on the first day, to ensure that evaluation has been carried out as per the instructions given in the Marking Scheme. If there is any variation, the same should be zero after delibration and discussion. The remaining answer books meant for evaluation shall be given only after ensuring that there is no significant variation in the marking of individual evaluators. |
| **6** | Evaluators will mark( √ ) wherever answer is correct. For wrong answer CROSS 'X" be marked. Evaluators will not put right (✓) while evaluating which gives an impression that answer is correct and no marks are awarded. **This is most common mistake which evaluators are committing.** |
| **7** | If a question has parts, please award marks on the right-hand side for each part. Marks awarded for different parts of the question should then be totaled up and written in the left-hand margin and encircled. This may be followed strictly. |
| **8** | If a question does not have any parts, marks must be awarded in the left-hand margin and encircled. This may also be followed strictly. |

| | |
|---|---|
| **9** | If a student has attempted an extra question, answer of the question deserving more marks should be retained and the other answer scored out with a note **"Extra Question"**. |
| **10** | No marks to be deducted for the cumulative effect of an error. It should be penalized only once. |
| **11** | A full scale of marks __________(example 0 to 80/70/60/50/40/30 marks as given in Question Paper) has to be used. Please do not hesitate to award full marks if the answer deserves it. |
| **12** | Every examiner has to necessarily do evaluation work for full working hours i.e., 8 hours every day and evaluate 20 answer books per day in main subjects and 25 answer books per day in other subjects (Details are given in Spot Guidelines).This is in view of the reduced syllabus and number of questions in question paper. |
| **13** | Ensure that you do not make the following common types of errors committed by the Examiner in the past:-<br>● Leaving answer or part thereof unassessed in an answer book.<br>● Giving more marks for an answer than assigned to it.<br>● Wrong totaling of marks awarded on an answer.<br>● Wrong transfer of marks from the inside pages of the answer book to the title page.<br>● Wrong question wise totaling on the title page.<br>● Wrong totaling of marks of the two columns on the title page.<br>● Wrong grand total.<br>● Marks in words and figures not tallying/not same.<br>● Wrong transfer of marks from the answer book to online award list.<br>● Answers marked as correct, but marks not awarded. (Ensure that the right tick mark is correctly and clearly indicated. It should merely be a line. Same is with the X for incorrect answer.)<br>● Half or a part of answer marked correct and the rest as wrong, but no marks awarded. |
| **14** | While evaluating the answer books if the answer is found to be totally incorrect, it should be marked as cross (X) and awarded zero (0)Marks. |
| **15** | Any un assessed portion, non-carrying over of marks to the title page, or totaling error detected by the candidate shall damage the prestige of all the personnel engaged in the evaluation work as also of the Board. Hence, in order to uphold the prestige of all concerned, it is again reiterated that the instructions be followed meticulously and judiciously. |
| **16** | The Examiners should acquaint themselves with the guidelines given in the "**Guidelines for spot Evaluation**" before starting the actual evaluation. |
| **17** | Every Examiner shall also ensure that all the answers are evaluated, marks carried over to the title page, correctly totaled and written in figures and words. |
| **18** | The candidates are entitled to obtain photocopy of the Answer Book on request on payment of the prescribed processing fee. All Examiners/Additional Head Examiners/Head Examiners are once again reminded that they must ensure that evaluation is carried out strictly as per value points for each answer as given in the Marking Scheme. |

# MARKING SCHEME
# GUJARATI

* મૂલ્યાંકન કરતી વખતે નીચેની બાબતોનું ધ્યાન રાખવું.

  પરીક્ષા આપનાર પ્રત્યેક ઉમેદવારનું વાસ્તવિક અને સાચું મૂલ્યાંકન કરવું એ ખૂબ જ મહત્વપૂર્ણ પ્રક્રિયા છે.

* Advanced Reading Skill ના પ્રશ્નોના જવાબમાં વ્યાકરણની સામાન્ય ભૂલોના માર્કસ કાપવા નહિ.

* એકની એક ભૂલ વારંવાર થતી હોય તો એના માર્કસ એક જ વાર કાપવા વારંવાર કાપવા નહિ.

* MCQ પ્રશ્નમાં વિદ્યાર્થી જુદી જુદી 5 રીતે જવાબ આવતો હોય છે. એમાં 95% થી 98% વિદ્યાર્થી માગ્યા પ્રમાણે યોગ્ય રીતે અને વ્યવસ્થિત ઉત્તર લખે છે. જ્યારે 2% વિદ્યાર્થી કઈક ગડબડ કરતા હોય છે.

  ઉ.દા. પ્રશ્ન 1 ભારતની રાજધાની નું નામ આપો.

  (A) દિલ્લી (B) મુંબઈ (C) પૂણે (D) સૂરત

  સાચો ઉત્તર (A) દિલ્લી.

  વિધાર્થીના ઉત્તર : (A) દિલ્લી<br>
  : (A)<br>
  : દિલ્લી<br>
  : (C) દિલ્લી<br>
  : (A) મુંબઈ

  નોંધ : આવા સંજોગોમાં વિધાર્થીઓના હિતને ધ્યાનમાં રાખીને મૂલ્યાંકન કરશો.

* ગુણ યોજનાનો મુખ્ય ઉદેશ વિધાર્થીઓને તથા મૂલ્યાંકનને વધારેમાં વધારે ન્યાય આપવાનો છે.

* માર્કિંગ સ્કીમ એ માત્ર માર્ગદર્શિકા છે સંપૂર્ણ જવાબની રચના કરતા નથી. વિધાર્થીઓને પોતાની અભિવ્યક્તિ હોય અને જો અભિવ્યક્તિ સાચી હોય તો એ પ્રમાણે ગુણ આપવા.

* પસંદગીના પ્રશ્નો (કોઈપણ ચાર)માં વિધાર્થી પોતાની પસંદગી પ્રમાણે ઉત્તર આપે છે. તો કયારેક દરેક પ્રશ્નોના ઉત્તર આપે છે. તે સંજોગોમાં જો સાચા હોય તેના જ ગુણ આપવાના છે. ક્રમાંક મુજબ ગુણ આપશો નહિ.

* વિધાર્થીએ એક જ ઉત્તર બેવાર લખ્યો હોય તેવામાં પણ જેના વધુ ગુણ આવતા હોય તેને ગણતરીમાં લેશો.

* એક જ પ્રકારની જોડણીની ભૂલોના ગુણ એક જ વખત કાપવા વારંવાર નહિ.

## PART – A (વસ્તુનિષ્ઠ પ્રશ્નો)
### (Advanced Reading Skill)

1. નીચેનો ગદ્યખંડ વાંચી તેની નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં ઉત્તર લખો. 5×1=5

I. આપણી પહેલી ફરજ કઈ છે ?

Ans. વતનનું જતન કરવું તે આપણી પહેલી ફરજ છે.

II. તાનાજી કોણ હતા ?

Ans. તાનાજી શિવાજી મહારાજના વફાદાર સરદાર હતા.

III. તાનાજીએ શું કહ્યું હતું ?

Ans. તાનાજીએ કહ્યું; 'પહેલાં દેશ પછી ઘર'

IV. સાહિત્યકારોએ કઈ રીતે દેશસેવાનું કાર્ય કર્યું હતું ?

Ans. દેશભક્તિનાં ગીતો રચીને.

V. ભામાશાએ વેપારીઓને શી ચેતવણી આપી હતી ?

Ans. જે અકબરના લશ્કરને શસ્ત્રસરંજામ પૂરો પાડશે તે ભામાશાના હાથે ધૂળ ચાટતો થઈ જશે.

2. નીચેનું કાવ્ય વાંચી, તેની નીચેના પ્રશ્નોના ઉત્તરનો સાચો વિકલ્પ શોધીને લખો. 5×1=5

I. કવિએ નગરને કેવું કહ્યું છે ?

Ans. (D) નદીની રેતમાં રમતું

II. કવિ શ્વાસમાં શું ભરી લેવાનું કહે છે ?

Ans. (A) સુગંધનો દરિયો

III. કવિ રસ્તાઓ, બારીઓ અને ભીંતોને કયાં ભરી લેવાનું કહે છે ?

Ans. (B) આંખમાં

IV. કવિ કેવી રીતે રડી લેવાનું કહે છે ?

Ans. (C) સંબંધોને વીંટળાઈને

V. કવિ શેનાથી માથું ભરી લેવાનું કહે છે ?

Ans. (B) વતનની ધૂળથી

(Literature)

3. નીચેના પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો. (કોઈપણ **પાંચ**) 5×1=5

I. કુસુમે માલણ જેવું જીવન જીવવાનું નક્કી કર્યું કારણ કે ..... pg-6

Ans. (A) કુસુમે કુંવારા રહેવાનો નિર્ણય કર્યો હતો.

II. અસભ્ય પોશાક પહેર્યાના તહોમત પર કોને અને કયાં પકડવામાં આવ્યા હતા ? pg-14

Ans. (D) નારાયણ હેમચંદ્ર – અમેરિકા

III. 'ક્રોધી સ્વભાવને.....' પદમાં ગંગાસતીએ માનવજાતને શેનો સંદેશ આપ્યો છે ? pg-1

Ans. (C) આદર્શનો

IV. 'હંકારી જા' કાવ્યનો સાહિત્યપ્રકાર જણાવો. pg-41

Ans. (A) ઊર્મિકાવ્ય

V. 'અખાનો સંસારત્યાગ' પાઠના લેખકનું નામ આપો. pg-32

Ans. (B) ચંદ્રવદન મહેતા

VI. 'માડી, વેચી દો ને ઢોર. રહો નિરાંતે. નાણાંની કયાં આપદા છે તમારે ?' ઉક્તિ કયા પાઠની છે ? pg-90

Ans. (C) ઢોરાં

4. નીચેનું કાવ્ય વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો. (કોઈપણ **પાંચ**) 5×1=5

I. કવિએ રસ્તાઓને કેવા કહ્યા છે ? pg-68

Ans. કવિએ રસ્તાઓને ઘર વગરના ચોર કહ્યા છે.

II. રસ્તાઓ કેવી રીતે પૃથિવી પર વીંટળાયેલા છે ?

Ans. પૃથિવી ફરતા ભરડો લઈને વીંટાયા છે.

III. કવિએ રસ્તાઓને કયાં જઈ પડયા એવું કહ્યું છે ?

Ans. કવિએ રસ્તાઓને જલધિનીરે જઈ પડયા એવું કહે છે.

IV. કવિ પોતાના હૈયાને કેવું ગણાવે છે ?

Ans. કવિ પોતાના હૈયાને રખડું શુ જણાવે છે.

V. સ્વર્ગારોહણ પછી પણ કવિની શી ઈચ્છા પ્રબળ બની હતી ?

Ans. પૃથ્વી પર પાછા ફરવાની ઈચ્છા.

VI. દીવાલોની ભીતર કોણ ઘર કરીને રહે છે ?

Ans. દીવાલોની ભીતર ગૃહિણી ઘર કરીને રહે છે.

5. નીચેના ગદ્યખંડ વાંચી તેની નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં ઉત્તર લખો. (કોઈપણ **પાંચ**) 5×1=5

I. આખું વેનિસ શેનાથી ભરપૂર છે? pg-44

Ans. આખું વેનિસ સ્થાપત્યકલાના અત્યંત સુંદર અને અદ્‌ભુત નમૂનાથી ભરપૂર છે.

II. રસ્કિન માટે કેવી મજાક થતી? શા માટે ?

Ans. રસ્કિન માટે વેનિસ તેની પ્રિયતમા છે તેવી મજાક થતી કેમકે તેણે જગતને ભૂલી ગયો હોય તેમ વર્ષો વેનિસની સ્થાપત્યકલા પાછળ ગાળેલાં.

III. ઈટાલિયન ભાષામાં ચોકને શું કહે છે ? વેનિસનો સુપ્રસિદ્ધ ચોક કયો છે ?

Ans. ઈટાલિયન ભાષામાં ચોકને 'પીઆત્ઝા' કહે છે. વેનિસનો સુપ્રસિદ્ધ ચોક 'સાન માર્કો પીઆત્ઝા' તરીકે ઓળખાય છે.

IV. આ ચોકની ફરતે શું શું જોવા મળે છે ?

Ans. આ ચોકની ફરતે સરસ બાંધણીનાં મકાનો, જયાં દુકાનો, રેસ્ટોરાં, બહાર રંગબેરંગી ખુરશી ટેબલની જમાવટ અને સંગીતની મહેફિલ તથા ખાણીપીણીની લિજ્જત માણતા હોય.

V. ચા, કોફી, આઈસક્રીમ અને ચોકલેટ કયા-કયા દેશનાં વખાણાય છે ?

Ans. ચા – ઈંગ્લેંડ

કોફી – યુરોપ

આઈસક્રીમ – ઈટલી, સ્વિટ્ઝરલેંડ

ચોકલેટ – સ્વિટ્ઝરલેંડ

VI. ચોકની આસપાસ કબૂતરો શું કરતા જોવા મળે છે ?

Ans. ચોકની આસપાસ પુષ્કળ કબૂતરો આવે. નિર્ભયપણે આવે, ચણે અને ખભે પણ બેસે હાથમાંથી પણ ચણે.

**(Applied Grammar)**

6.(A) સૂચના પ્રમાણે સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો. (કોઈપણ **પાંચ**) 5×1=5

I. 'ધતિંગ કરવાં' રૂઢિપ્રયોગનો સાચો અર્થ લખો. pg-8

Ans. (A) ઢોંગ કે બનાવટ કરવી

II. 'મોહી જવું' રૂઢિપ્રયોગનો અર્થ આપો. pg-14

Ans. (C) આસક્ત થવું

III. નીચેના રૂઢિપ્રયોગ અને તેના અર્થનું કયુ જોડકું યોગ્ય નથી ? pg-66

Ans. (D) બતી ન ફાટવી – બતી બગડી જવી

IV. નીચેનો રૂઢિપ્રયોગ અને તેના અર્થનું કયું જોડકું યોગ્ય છે ? pg-54

Ans. (B) લોહી ઉકાળા કરવા – જીવ બાળવો

V. 'પેંગડામાં પગ ઘાલવો' રૂઢિપ્રયોગ માટે નીચેનામાંથી કયો અર્થ બંધબેસતો નથી ? pg-66

Ans. (B) દેખાદેખી કરવી

VI. 'માલ ન હોવો' રૂઢિપ્રયોગનો સાચો અર્થ શોધીને લખો. pg-54

Ans. (D) વજૂદ વિનાનું હોવું

(B) સૂચના પ્રમાણે સાચો વિકલ્પ પસંદ કરીને ઉત્તર લખો. (કોઈપણ **ત્રણ**) 3×1=3

I. નીચેનાં વાક્યોમાંથી સંયોજકવાળું વાક્ય શોધીને લખો.

Ans. (B) સવારે અમે જાગ્યા ત્યારે સૂરજ ઊગ્યો હતો.

II. નીચેનાં વાક્યોમાંથી સંયોજક વગરનું વાક્ય શોધીને લખો.

Ans. (D) ચોમાસામાં ઉજમકાકી માંદાં પડયાં હતાં.

III. નીચેના વાક્યમાં યોગ્ય સંયોજક મૂકો.

સિપાઈઓ કહેતા હતા ___________ કોઈની કાનભંભેરણી છે _________ છૂટીને આવશે.

Ans. (D) કે, એટલે

IV. નીચેના વાક્યમાં યોગ્ય સંયોજક મૂકો.

________ નિશાળ ન હોત __________ બધાના બાળપણનો કાળ સુખમાં ગયો હોત.

Ans. (B) જો, તો

(C) સૂચના પ્રમાણે સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો. (કોઈપણ **ચાર**) 4×1=4

I. નીચેનામાંથી લેખનરૂઢિ અને ભાષાશુદ્ધિની દૃષ્ટિએ સાચું વાક્ય લખો.

Ans. (C) મારાં મમ્મી પપ્પા બજારમાં ગયાં છે.

II. નીચેનામાંથી લેખનરૂઢિ અને ભાષાશુદ્ધિની દૃષ્ટિએ સાચું વાક્ય લખો.

Ans. (A) સવિનય આપને હું આ હકીકત જણાવું છે.

III. નીચેનામાંથી પદક્રમ અને પદસંવાદની દૃષ્ટિએ કયું વાક્ય સાચું છે ?

Ans. (C) તે આઈસક્રીમના પાંચ વર્ષ જૂના વેપારી છે.

IV. નીચેનામાંથી પદક્રમ અને પદ સંવાદની દૃષ્ટિએ સાચું વાક્ય લખો.

Ans. (C) આ ખીચડી ખાતાં તો બે-ત્રણ દિવસ થયા.

V. નીચેનામાંથી લેખનરૂઢિ અને ભાષાશુદ્ધિની દૃષ્ટિએ સાચું વાક્ય લખો.

Ans. (A) મને સરસ ડિશમાં ગરમ ગરમ ભજીયાં આપો.

(D) નીચેનાં વાક્યોના સૂચના પ્રમાણે કાળ ઓળખાવો. (કોઈપણ **ત્રણ**) 3×1=3

I. નીચેનાં વાક્યોમાંથી પૂર્ણ વર્તમાનકાળનું વાક્ય શોધીને લખો.

Ans. (C) મારા મમ્મી પપ્પા અને ભાઈ મામાના ઘરે ગયાં છે.

II. નીચેનાં વાક્યોમાંથી ચાલુ વર્તમાનકાળનું વાક્ય લખો.

Ans. (A) વિદ્યાર્થીઓ વર્ગમાં ભણી રહ્યા છે.

III. નીચેનાં વાક્યોમાંથી પૂર્ણ ભૂતકાળનું વાક્ય શોધો.

Ans. (B) દાદાજીએ કહ્યું, 'અમારા બાળપણમાં આવી ટેકનોલોજી ન હતી.'

IV. નીચેનાં વાક્યોમાંથી સાદા ભવિષ્યકાળનું વાક્ય શોધો.

Ans. (D) આપણા ભાઈઓને બોલાવીને કાલે ભાગ વહેંચીશું.

## PART – B (વર્ણનાત્મક પ્રશ્નો) 40

(Literature)

7. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો. (કોઈપણ **ત્રણ**) 3×2=6

I. ગંગાસતી અંતરમાં શું ધારણ કરવા જણાવે છે ? શા માટે ? pg-2

Ans. ગંગાસતી અંતરમાં વૈરાગ અને ક્રોધ પર વિજય મેળવી મૌન ધારણ કરવા જણાવે છે. કેમ કે આ જગતનો વૈભવ મિથ્યા છે. એના માટે દુર્જનનો રાગ અને મનના વિરોધોને ટાળીને મન પવિત્ર રાખવાથી ક્રોધ ઉપર વિજય મેળવી શકાય છે.

II. શબરીના ઉદાહરણ દ્વારા કવિ શું સમજાવે છે ? pg-42

Ans. શબરીના ઉદાહરણ દ્વારા કવિ કહે છે કે જેમ પ્રભુ દર્શનની ભૂખી શબરીના બોર આરોગી એની ઝંખના પૂર્ણ કરી એ જ રીતે આપ મારી ઈચ્છા પણ પૂર્ણ કરો.

III. કવિ કોની સ્મૃતિથી વિહ્વળ બને છે ? શા માટે ? pg-61

Ans. કવિ કાલાગ્નિમાં વિલીન થયેલી તેમની માતાની સ્મૃતિથી વિહ્વળ બને છે. કેમ કે કવિના વતનમાં પાકાથી લહેરાતા ખેતરો, કૂવા કોઠે કમર લળતી પનિહારીઓ, ખંતીલા ખેડૂતનાં મધૂર ગીતો, ગંભીર વડેલા, શંભુનું જીર્ણ દેરું વાગોળતાં પશુઓ, મંદિર પર લહેરાતી ધજા, વહાલી બહેન અને લંગોટિયા મિત્રો છે, પરંતુ તેમની મા નથી. તેથી દુઃખી છે.

IV. 'મેળો આપો તો' કાવ્યના આધારે 'ટોળા વચ્ચે એકલતા' – સમજ સ્પષ્ટ કરો. pg-79

Ans. કેટલાક સંતો અને મહાપુરુષોને તથા કેટલાક સ્થિતપજ્ઞ લોકોને એકલતા ભરી ભરી લાગે છે. તેઓ માને છે કે મનુષ્યની શક્તિનો વિકાસ કરવાની તક એકલતામાંથી જ પ્રાપ્ત થાય છે. માણસ એકાંતમાં વધારે સારી રીતે વિચારી શકે છે. ઘણા વ્યક્તિઓ ટોળાની વચ્ચે પણ અલિપ્ત રહી શકે છે. કવિનું એવું માનવું છે કે જેને ખરા અર્થનાં કંઈક પામવાની ઇચ્છા છે તે ટોળા વચ્ચે રહીને પણ સિદ્ધિ મેળવી શકે છે.

8. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો. (કોઈપણ **એક**) 1×3=3

I. 'એક સરખા દિવસ.....' કાવ્યનો મર્મ તમારા શબ્દોમાં લખો. pg-11

Ans. Ch : એક સરખા દિવસ

કવિ : પ્રભૂલાલ દ્વિવેદી

સા.પ્ર. ગીત

'એક સરખા દિવસ સુચના.....' કાવ્યમાં કવિ પ્રભુલાલ દ્વિવેદીએ માનવતાનું મૂલ્ય સમજાવવાં જીવનના સનાતન સત્યને રજૂ કર્યું છે. મનુષ્યનાં જીવનમાં કદી એક સરખા દિવસો સુખના હોતા નથી. સુખ અને દુઃખ એક સિક્કાની બે બાજુ છે. નસીબ પર કદી વિશ્વાસ ન રાખવો. સમય બળવાન છે, મનુષ્ય નહીં. અર્જુનના મનમાં પોતાની વિધાનું અભિમાન આવ્યું ત્યારે હથિયાર હોવા છતાં કૃષ્ણે કાબાનો વેશ ધરીને અર્જુનને લૂંટી લીધો. મુસીબતથી મૂંઝાય નહીં તે જ શૂરા છે. નસીબ જયારે દગો દે છે ત્યારે રાજા પણ પળવારમાં રંક બની જાય છે.

આમ ધન, જન, સંપતિ કે સાહયબી સાથે આવતી નથી. ખાલી હાથ આવ્યા છીએ અને ખાલી હાથે જ જવાનો હોવાનો મર્મ સમજાવે છે.

II. વડલો પંખીઓને શું કહે છે ? પંખીઓ તેનો શો પ્રત્યુત્તર જવાબ આપે છે ? pg-44

Ans. Ch : વડલો ને પંખીડાં

કવિ : દુલા ભાયા કાગ

સા.પ્ર. પદ

'વડલો ને પંખીડાં' પદમાં પરસ્પર થતી આપ-લેમાંથી સ્નેહસંબંધ બંધાય છે. સમય જતાં આ સ્નેહસંબંધ મજબૂત થઈ જાય છે.

જયારે જંગલમાં આગ લાગી ત્યારે વડલો પંખીઓને જૂના માળા છોડીને ઊડી જવાનું કહે છે. કે આગની જવાળાઓ દશે દિશાએથી ઘેરી વળશે અને આપણ સૌને ભરખી જશે. તમારા મધૂર ટહૂકા મારા હૃદયમાં વસ્યા છે. કોકવાર આવીને મારી રાખ પર ટહુકી જજો. કેમ કે આપણી વચ્ચે મોતનો પડદો પડયો છે એટળે હે પ્રેમાળ પક્ષીઓ આપણે પાછા નહિ મળીએ.

પંખીઓ વડલાને જવાબ આપતાં કહે છે કે તારે આશરે અમે માળા બાંધ્યા, ઇંડા ઉછેર્યાં, તારાં મીટાં ફળ ખાધાં. મરવાના સમયે જો અમે સાથ છોડી દઈએ તો અમને કલંક લાગે. હવે તો આપણે સૌ સાથે મરીસું અને ફરીથી સાથે જન્મ લઈશુ. અને તારા માથે માળા કરીશું. આમ આ દુનિયામાંથી સાથે જ ચાલી જઈશું.

આમ પાંખો હોવા છતાં પણ પંખીઓ વડલાને ત્યજીને જવાને બદલે તેની સાથે મરવાનું પસંદ કરે છે તે જ આ કાવ્યનું રાદ છે.

III. 'બેટા મને પાછી.....' કાવ્યમાં કવિ ગામ અને નગર સંસ્કૃતિનો ભેદ કેવી રીતે પ્રગટાવે છે ? તે જણાવો. pg-93

Ans. Ch : બેટા મને પાછી....

કવિ : ઉમામહેશ્વરન્, અનુ. નીતા રામૈયા

સા.પ્ર. ઊમિકાવ્ય

પરાપૂર્વેથી જ ગ્રામ્યસંસ્કૃતિ અને નગર સંસ્કૃતિની રહેણીકરણી પહેરવેશ. ખાણીપીણીમાં અને બોલચાલમાં એકબીજાથી ભિન્ન છે. આ કાવ્યમાં બદલાયેલી સંસ્કૃતિ અને જીવનશૈલીનું પ્રતિબિંબ પડે છે. મા પોતાના બાળકોના સુખદુઃખની સાથી હોય છે તેમ છતાં તે પોતાની જાતને શહેરીજીવનમાં ગોઠવી શકતી નથી. ગામડામાં ઘરે આવતા મહેમાન ના સ્વાગત માટે આંગણામાં રંગોળી પૂરવામાં આવે છે. વાસી ખોરાક ખવાતો નથી. સ્ત્રી અને પુરુષો પોતપોતાની સાચવીને રહે છે. ઘર ખુલ્લું રહે છે. રોજ રસોઈ બનાવાય છે. પંખીઓ, વરસાદ, સૂર્ય, હવાના સૂસવાટા વગેરે કુદરતી તત્વોને મન ભરીને માણે છે.

જ્યારે મુખ્યદ્વાર હંમેશાં બંધ જ હોય છે. લોકો ફ્રિજમાં સંઘરાયેલું વાસી અન્ન ખાય છે. પશ્ચિમી સંસ્કૃતિના આંધળા અનુકરણને કારણે મર્યાદાભંગ કરે છે. રવિવારે રસોઈ કરવી, પંખા વૉશિંગ મશીન વગેરે કૃત્રિમ સાધનોને કારણે જીવન યંત્રવત બની ગયું છે. સાથે સાથે મનુષ્ય પણ યંત્રવત બની ગયા છે. લાગણીના સંબંધો અને સામાજિક બંધનો રહયા જ નથી.

9. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો. (કોઈપણ **ત્રણ**) 3×3=9

I. 'થીગડું' વાર્તાના શીર્ષકની યોગ્યતા સ્પષ્ટ કરો. pg-23

Ans. Ch : થીગડું

લેખક : સુરેશ જોષી

સા.પ્ર. નવલિકા

આ વાર્તામાં પ્રભાશંકરના સંઘર્ષમય જીવનનું વર્ણન કરતાં માનવજીવનના સનાતન સત્ય વસ્ત્ર હોય કે શરીર તેની જીર્ણતાને નિવારી શકાતી નથી. તેને થીગડું મારવાના પ્રયત્નો વ્યર્થ જ છે. આ રહસ્ય સ્પષ્ટ કર્યું છે.

વાર્તામાં થીગડું મારવાની વાત લેખકે જુદા જુદા ચાર સંદર્ભમાં કહી છે. પ્રથમમાં સંદર્ભના પ્રભાશંકરના ફાટેલા કોટને થીગડું મારવા જેવી સામાન્ય હકીકત છે. બીજા સંદર્ભમાં પારવતીએ પ્રભાશંકર સાથે લગ્ન કરતી વખતે 'તમે કહેશો તેટલાં થીગડાં મારી આપીશ'. ત્રાજા સંદર્ભમાં વિધ્ધપુરુષના કહેવા પ્રમાણે રાજારાણીના મનમાં ચિરાયું વિશે ખરાબ વિચાર આવ્યો કે તરત જ ચિરાયુના ચમત્કારિક વસ્ત્રમાં કાણું પડયું. અહીં પણ વસ્ત્રને થીગડું મારવાની વાત થઈ છે.

ચોથા સંદર્ભમાં પત્ની વિનાનું પ્રભાશંકરનું શેષ જીવન પણ એક થીગડું છે.

આમ વાર્તાનું શીર્ષક થીગડું જે પ્રભાશંકર અને ચિરાયુંની જિંદગીને લાગું પડે છે.

II. આંબા ઉછેરની પૂજા મેજરની લગની પાઠના આધારે વર્ણવો. pg-55

Ans. Ch : પૂંજામેજરની લગની

લેખક : જોસેફ મેકવાન

સા.પ્ર. ચરિત્રનિબંધ

પૂંજા મેજરના પાત્ર દ્વારા લેખકે વેશ નહિ, કિન્તુ તેના મન અને વૃતિ બદલવા, કેવળ નામ નહિ, પણ કામ બધાંવા જોઈએ. કહેવડાવ્યું છે. નોકરીમાંથી નિવૃતિ પછી વતન આવી મોટાભાઈ ભવાનભાઈની વાત ન માની, મસાણના-તળાવની પડતર જમીનમાં આંબા વાવવાનું નક્કી કર્યું.

સખત ગરમીમાં ખાડા ખોદયા અને છાણ, માટીના થર દ્વારા છાણિયું ખાતર બનાવ્યું. સારા સારા આંખાના ગોટલા જોગા કરીને રોપા ઉછેર્યા. પશું કે માણસ નુકશાન ન કરે તે માટે અકાબીડ થોરિયાના વાડોલા કર્યા. અતિવૃષ્ટિના કારણે નુકસાન થયું ત્યારે એક ખેડૂતની જેમ પોતાના દીકરાને ખોવા જેવી ચિંતા કરેલી. ઉનાળાની ગરમીમાં કાવડમાં પાણી લાવી આંબાને સીંચ્યા. છેતાલીસ આંબા ઉછર્યા ત્યારે એમનો હરમ અનેરો હતો. જેમ મા-બાપ પોતાના સંતાનોના ઉછેરની કાળજી લે તેવી જ રીતે પૂંજા મેજરે આંબા ઉછેરની કાળજી લીધી હતી.

III. મદીજીએ દીકરાની નેકી અને મર્દાનગીની પરીક્ષા કઈ રીતે કરી ? pg-67

Ans. Ch : મોરનાં ઈંડાં

લેખક : ઈશ્વર પેટલીકર

સા.પ્ર. નવલિકા

આ નવલિકા મદીજી એક અનોખું વ્યક્તિત્વ ધરાવે છે. ઝબૂને આણદ રેલ્વેસ્ટેશનથી ખંભાત પહોચાડવા મુનીમ અને ગાડીવાન વજેસંગ અને દલભાઈ નીકળ્યા. પંડોળી ગામની ભાગોળે સૂર્યાસ્ત થઈ જતાં મુનીમ વળાવિયા તરીકે મદીજીના દીકરા બુધાને લઈ જાય છે.

મદીજી ઘરે આવે છે અને પોતાની પત્ની પાસેથી દીકરો વળાવિયે ગયો છે તે સાંભળી તે તેની કસોટી કરવા નીકળી પડે. જે અને પોતે ડાકુ બનીને પુત્ર બુધો જે ગાડાનું રખેવાળું કરવા ગયો હતો એ જ ગાડાંને લૂંટવા રસ્તો રોકીને ઊભો રહે છે અને બુધાને ગાડાં રોકવા પડકાર કરે છે. બુધા એ પણ સામો પડકાર કરીને ચાલ્યા જવા કહ્યું. એમ પણ કહ્યું કે 'અલ્યા બાપુ' ! મારું માની જા અત્યારે તું મારો બાપ નથી. હજી શરમ રાખું છું ત્યાં સુધી. નહી તો જોયા જેવી થશે. પણ મહીજી ખડગની પેઠે અડીખમ રહયો ત્યાંરે બુધાએ પોતાની ફરજની વચ્ચે આવતા પિતા પર તલવારથી પ્રહાર કર્યો. પરંતુ મહીજી તો પુત્રની નેકી અને મર્દાનગીની કસોટી કરતો હતો. તેણે પુત્રને શાબાશી આપતાં કહ્યું કે 'શાબાશ દીકરા હવે મને ખાતરી થઈ ગઈ છે કે તું મારું નામ નહીં બોળે.'

આમ મહીજીએ પોતાના પુત્રની નેકી અને મર્દાનગીની પરીક્ષા કરી.

IV. સ્વતંત્ર વિચારક તરીકે સોક્રેટીસનું ચરિત્ર આલેખો. pg-84

Ans. Ch : સત્યવીર સોક્રેટિસ

સા.પ્ર. ચરિત્ર નિબંધ

સોક્રેટિસ દુનિયાનો મહાન વિચારક હતો. તે બુધ્ધિશાળી હતો. લોકોને સદાચાર તરફ વાળવા તે સમજાવતો તેમની સાથે અલકમલકની વાતો કરતો. લોકોને એની વાતોમાં રસ પડતો. મધમાખીઓની જેમ લોકો એની આસપાસ વીંટળાતા. સોક્રેટિસ તે દ્વારા તેમને સાચો ધર્મ સમજાવતો અને તેઓની શિથિલતા દૂર કરવા પ્રયાસ કરતો.

આચાર અને વિચારમાં તે પવિત્ર અને સદાચારી હતો. તે એવું માનતો કે, 'પોતાની આવડત કેળવીને પોતાની ફરજ અદા કરે તે જ ઉત્તમ માણસ.'

એથેન્સના રાજવહીવટમાં પડેલા લોકોમાં પણ તે ભળતો. તેમની સાથે ધર્મ, રૂઢિ, રીતરિવાજ વિશે ચર્ચામાં ઉતરતો. તે પ્રામાણિકપણે જે સાચું લાગે તે કહે તો, તે હંમેશાં નમ્રપણે કહેતો કે, હું હું અજ્ઞાની છું જ્ઞાન મેળવવા મથું છું. તે કહેતો લોકો સ્વાદિષ્ટ ભોજન માટે મસાલા વાપરે છે. જયારે હું કકડીને લાગેલી ભૂખને જ મસાલા તરીકે વાપરું છું. લોકો જીવવા માટે ખાય છે હું ખાવા માટે જીવું છું ખાસ કરીને યુવાવર્ગ સોક્રેટિસના વિચારોથી પ્રભાવિત હતો.

જયારે એને મોતની સજા થાય છે ત્યારે પૂણ તે દેશના નીતિનિયમનું પાલન કરી હસતે મોઢે. ઝેરનો પ્યાલો ઘટઘટાવ છે. આમ તે સ્વતંત્ર અને ઊંડો વિચારક હતો.

V. 'ડાઘ' લઘુકથામાં પ્રગટની સંવેદના આલેખો. pg-90

Ans. Ch : ડાઘ

લેખક : નરેશ બારડ

સા.પ્ર. લઘુકથા

આ લઘુકથામાં સમાજમાં રહેલા ડાહયા અને સમજુ લોકો લગ્ન જેવા પવિત્ર સંબંધને કેટલાક સંકુચિત દૃષ્ટિકોણથી જુએ છે. જેને કારણે સ્ત્રીઓએ ઘણું સહન કરવું પડે છે. ડૉ સુનીતા શાદના જે દિવસે લગ્ન થયા એ દિવસે જ તેના કપાળમાં ચાંદલો કરવાની જગ્યાએ જનમથી થયેલા કોઢના સફેદ ડાઘને કારણે તેના પતિએ તેનો ત્યાગ કર્યો. આ અપમાન ડૉ સુનીતાને જીવનભર દુઃખી કરી દે છે.

સુનીતાના દવાખાને એક બાળકીને લઈને એની માતા આવી. બાળકીના આખા શરીરે સફેદ છાંટણાં ઉપસી આવ્યા હતા. બાળકીની મા ખૂબ ચિંતિત હતી. તે બોલી 'ગમે તેમ તોય આ દીકરીની જાત !' સાવ સાચું કહેજો બેન ! ચિંતાનું કોઈ કારણ નથી ને ?

સુનીતા શાહે કહ્યું, 'ડરવાનું કોઈ કારણ નથી માત્ર વિટામિન 'એ'ની ખામીને કારણે સફેદ છાંટા ઉપસી આવ્યા છે.' આ ગોળી લખી આપું છું. આ જવાબ સાંભળીને બાળકીના મા પર જાદુઈ અસર થઈ અને આભારસૂચક નજરે તે દવાખાનાની બહાર નીકળી.

આમ સુનીતા ટેબલ પર માથું ઢાળીને આંખો મીંચીને પોતાના ભૂતકાળની દુઃખદ ઘટનામાં સરી પડી.

10. નીચે આપેલા સાહિત્યકારનો દસ-બાર વાક્યોમાં પરિચય કરાવો. (કોઈપણ **એક**) 1×4=4

I. દલપતરામ

II. ગોવર્ધનરામ ત્રિપાઠી

| | | |
|---|---|---|
| – પ્રસ્તાવના, પ્રારંભિક પરિચય | – | 01 |
| – શિક્ષણ, વિશિષ્ટ સિદ્ધિઓ | – | 01 |
| – સાહિત્યક્ષેત્રે પ્રદાન | – | 02 |
| | | 04 |

નોંધ : ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં લઈ ચકાસણી કરશો.

**(Effective Writing Skill)**

11. નીચે આપેલા વિષય પર આશરે 200 શબ્દોમાં નિબંધ લખો. 1×8=8

I. સમયનું મહત્વ :

મુદા : પ્રસ્તાવના – સમયનો સદુપયોગ – સમયનો દુરુપયોગ – સમયની કદર – આજની વાસ્તવિકતા – ઉપસંહાર

II. મારાં શૈશવનાં સ્મરણો :

મુદા : પ્રસ્તાવના – વડીલોના વહાલનું પાત્ર શૈશવની નિર્દોષ અને નિખાલસ દુનિયા – બાળમંદિરમાં – શાળા-જીવનમાં સંસ્મરણો – ઉપસંહાર

III. પ્રકૃતિનાં રમ્ય અને રૌદ્ર સ્વરૂપો :

મુદા : પ્રસ્તાવના – પ્રકૃતિનાં રમ્ય સ્વરૂપો :

શરદ, વસંત, વર્ષા – પ્રકૃતિનો રૌદ્ર સ્વરૂપો : ભૂકંપ, વાવાઝોડું, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ – ઉપસંહાર

→ મૂલ્યાંકન માટેનો દૃષ્ટિકોણ :

| | | |
|---|---|---|
| પ્રસ્તાવના : | – | 01 ગુણ |
| વિષયવસ્તુ : | – | 03 ગુણ |
| ભાષા અભિવ્યક્તિ | – | 01 ગુણ |
| ભાષા શુદ્ધિ અને વાક્યરચના | – | 02 ગુણ |
| ઉપસંહાર | – | 01 ગુણ |
| | | 08 ગુણ |

* નીચેના મુદ્દાને ધ્યાનમાં રાખીને નિબંધ તપાસવો.

– વિષયની પસંદગી

– શરૂઆત : આકર્ષક, સ્વાભાવિક અને સચોટ

– કાવ્યપંક્તિ, સુભાષિતો કે અવતરણો

– વિષયાંતર થયું કે નહિ

– સુંદર, સુવાચ્ય અક્ષર, જોડણીશુદ્ધિ અને ભાષાશૈલી

12. તમારી શાળામાં ઉજવાયેલ શિક્ષકદિનનો અહેવાલ આશરે 100 શબ્દોમાં લખો. 1×5=5

**અથવા**

તમારી શાળામાં યોજાયેલા રમતોત્સવનો આશરે 100 શબ્દોમાં અહેવાલ લખો.

મૂલ્યાંકન :

| | |
|---|---|
| પ્રારંભ | – 01 ગુણ |
| વિષયવસ્તુ | – 02 ગુણ |
| ભાષા અભિવ્યક્તિ | – 01 ગુણ |
| ભાષાશુદ્ધિ અને વાક્યરચના | – 01 ગુણ |
| | કુલ 05 ગુણ |

* અહેવાલ લખતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો.

– અહેવાલ યોગ્ય રીતે સમજો અને તેની કાચી રૂપરેખા બનાવો.

–   ઘટનાક્રમ જાળવો

–   મહત્વની બાબતોનો ઉલ્લેખ કરો, રહી ના જાય તે જુઓ.

–   કોઈપણ ઘટનાક્રમ કે હકીકત જેવી બની હોય તેવી જ લખો અતિશયોક્તિ ન કરો.

–   અહેવાલમાં તારીખ, સમય, સ્થળનો તથા વ્યક્તિ વિશેષનો ઉલ્લેખ કરો.

–   ઘટના વળાંક કે તબક્કા મુજબ યોગ્ય ફકરા પાડો.

–   અહેવાલની ભાષા શુધ્ધ, સરળ, સ્પષ્ટ અને આકર્ષક હોવી જોઈએ.

13. તમારા વિસ્તારમાં ફેલાયેલી ગંદકી દૂર કરવા માટેનાં યોગ્ય પગલાં લેવા મ્યૂનિસિપલ કોપરેશનના અધિકારીને પત્ર લખો. 1×5=5

**અથવા**

તમારા વિસ્તારમાં ચોમાસા દરમ્યાન ઠેર ઠેર રસ્તાઓ તૂટી ગયા છે તેના સમારકામ માટે નગરપાલિકા પ્રમુખને પત્ર લખો.

મૂલ્યાંકન :

| | |
|---|---|
| સરનામું અને તારીખ | – 01 ગુણ |
| સંશોધન અને અભિવાદન | – 01 ગુણ |
| વિષયવસ્તુ, ભાષાશુધ્ધિ | – 02 ગુણ |
| સમાપન અને લિખિતંગ | – 01 ગુણ |

* પત્રલેખનમાં ધ્યાનમાં રાખવાની બાબતો :

    નીચેના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને પત્ર લખવો. પત્રનું સરનામું, સંબોધન અને લિખિતંગ એક જ બાજુએ એટલે કે ડાબી બાજુએ લખવું (International Method) નવી પધ્ધતિ પ્રમાણે પત્રલેખન કરવું.

–   પત્રની ભાષા સરળ અને શુધ્ધ હોવી જરૂરી

–   કાર્યાલયને લગતા પત્રોમાં તેમજ વ્યાવસાયિક કે સરકારી પત્રોમાં વિવેકપૂર્ણ સ્પષ્ટ મુદ્દા અને સંક્ષિપ્ત લખાણ જરૂરી.

ખાસ નોંધ : પ્રશ્નપત્રમાં જો પ્રેક્ષક કે પ્રતિમાંથી કોઈનું નામ કે સરનામું આપ્યું ન હોય તો વિદ્યાર્થીઓએ પોતાની આગવી ઓળખ થાય એવું નામ કે સરનામું લખવું નહીં.